સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૫ / શુમારો : ૭ بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ફુલ પાના - ૧૨

# الهادي
THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

**નાશિર** : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. **તા. ૧ રજબુલ મુરજ્જબ ૧૪૨૯ હી., ૩-૭-૨૦૦૮**

## -::: રજબુલ મુરજ્જબ-માહે અજબ-અલી ના સબબ :::-

રજબુલ મુરજ્જબનો મહીનો અજીબો ગરીબ છે જેનો સબબ સાહબે ઝુલફિકાર મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) છે, જે ખૈરૂન્નસબ-ખૈરૂલ ઈતર છે- દુનિયાના તમામ હસબ-નસબ અને ખાનદાનોમાં લાસાની, અફઝલો બરતર છે. રજબ મહીનો હિજરી સાલનો ૩૦ અય્યામવાલો ૭ મો મહીનો છે જે મુમિનની બધી જ ઈબાદતોનો સરચશ્મો છે, રાસ છે, મરકઝ છે. રમઝાનુલ મોઅઝઝમ, અલ્લાહતઆલા ના મહીના યાઅની શહરૂલ્લાહથી માઅરૂફ છે, શઅબાનુલ કરીમ, રસૂલેખુદા (સ.અ.વ.વ.) સાથે વાબિસ્તા છે, તો હદીસે શરીફ હમને એ બતાવે છે કે, રજબના મન્સૂલ-માલિક મૌલાના અલી (અ.સ.) છે. મૌલાના આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક ૬ અંબિયા-નોતકા થયા જેમાં નૂહ, ઈબ્રાહીમ, મૂસા અને ઈસા (અ.સ.) શામિલ છે. આ ૬ સાહબો પછી યાઅની રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ મૌલાના અલી ઈમાનના ૭ માં રૂકન છે જેની ૩૦ સાલની તાઅલીમાત, હિદાયાતના લીધે આજે શરીઅતનું નિશાન બલંદ છે. મુમેનીનની હસ્તી આ દુનિયામાં બાકી છે. **રજબ ના ૩૦ અય્યામ અને મૌલાના અલી (અ.સ.) ના આ ૩૦ સાલ અજીબો ગરીબ છે.**

રજબમાં મૌલૂદે કાઅબા અલી (અ.સ.) નો વાકેઓ અય્યામુલ બીઝમાં એક અજાઈબ મંઝરની યાદ અપાવતો હોય તો રસૂલેખુદા (સ.અ.વ.વ.) નો શબે મેઅરાજ અને યૌમે મબ્અસ ૨૭ મી તારીખનો વાકેઓ પણ અજાઈબ-ગરાઈબથી ભરપૂર છે. આ ચીઝોની હકીકતો જાણવા વાસ્તે ઈન્સાનની કોતાહ અકલ હૈરાન છે. અજબ અલ્લાહના વલીઓના દરજા છે જેના દામન હમને નસીબ થયેલા છે.

આ તે જ કાઅબતુલ્લાહની મુકદ્દસ ઝમીન છે જેમાં આદમે કુલ્લી પૈદા થયા અને અલ્લાહની વહ્ય થી પોતાની જગા પર એક સાહબને કાઈમ કીધા જે એના વસી બના અને એમના હુજ્જતોના ઝરીએ લોગોમાં અલ્લાહનું દીન કરાર પામું. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "**સુન્નતા મન કદ અરસલના કબલકા મિર રોસોલેના વલા તજેદો લેસુન્નતેના તહવીલા**, યાઅની આ તો તે રસૂલોની સુન્નત છે કે જે રસૂલોને હમેં આપના પહેલે મોકલા અને હમારી સુન્નતમાં તમેં તબ્દીલીને નહીં જુવો." મૌલાના અલી (અ.સ.) જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના જાનશીન અને કાઈમ મકામ છે, આપને અલ્લાહે તે જ પાકો સાફ જગા યાઅની કાઅબતુલ્લાહમાં પૈદા કીધા જ્યાં આદમે કુલ્લીની પૈદાઈશ છે, કેમકે આપ (અ.સ.) કાઈમી શાનના છો કે જે મૌલાના કાઈમ (અ.સ.) કયામતના આવવાનો સબબ બનશે. ઈલાહી સુન્નત તે છે કે, આદમ (અ.સ.) ત્યાં તક વફાત ન થયા જ્યાં તક એમને પોતાના વસી પર નસ ન કીધી અને આ સુન્નત હર નબીમાં જારી થઈ. યહાઁ તક કે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ અલ્લાહના ફરમાનથી મૌલાના અલી (અ.સ.) પર ગદીરે ખુમ્મની તારીખી જગા પર નસ ફરમાવી અને મુમેનીનના મૌલા મુકર્રર કીધા. **આ તે જ તારીખી જગા છે જેમાં મૌલાના આદમે કુલ્લીએ પોતાના હુજ્જતને કાઇમ કીધા.** આ સુન્નતે ઈલાહી મૌલાના અલી (અ.સ.) ની આલે અત્હરમાં જારી રહી જેમાં ૭-૭ ઈમામોનો જુમ્લો કયામત તક આવા કરશે અને ઈમામતના સાહબ આલે મોહંમદ (સ.અ.વ.વ.) માંથી કાઈમ થાતા રહેશે. આલે મૌલૂદે કાઅબામાં ત્યાં તક ઈમામતની સુન્નત બાકી રહેશે જ્યાં તક કાઅબા અને કમર બાકી રહેશે.

મૌલાના અબ્દુલ મુત્તલિબ (અ.સ.) અને આપના શાહઝાદા મૌલાના અબુ તાલિબ (અ.સ.) ઉપર અલ્લાહ

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**ત્રણ ચીઝોને હલકી ન સમઝો : કરઝ, મરઝ અને ફરઝ.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***રજબુલ મુરજ્જબ-માહે અજબ.....***

સલવાતો સલામ પઢજો જે બાવાજી-ફરઝંદ ઈસ્લામ ની હિમાયત-હિફાઝતમાં એક અડગ ચટ્ટાન જેમ ઊભા રહ્યા અને પૂરી ઝિંદગી એના વાસ્તે ખર્ચી નાંખી. મૌ.અબુ તાલિબ અને આપના બૈરો મૌ.ફાતેમા બિન્તે અસદે આપના ભત્રીજા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના પૈગામે હક્ક અને ફરમાને ઈલાહીને લબ્બૈક કીધું અને ખૂબ સાથ આપો. આ સિવાય પોતાના લાડલા બે શાહઝાદા મૌ.જાઅફરૂત્તૈયાર અને મૌ.અલી મુશ્કિલકુશાને ખિદમતની નીવ પર તાઅલીમો અદબ શીખાવી અને ખુદાના દીનને બચાવવા વાસ્તે જિસ્મો જાન કુરબાન કરવાનો જઝબો પૈદા કીધો.

મૌ.અબુ તાલિબે, સૈયેદુલ અંબિયા મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ની પરવરિશ કીધી તો હમારા નબીએ અકરમે એહસાનનો બદલો એહસાનથી ચુકવો અને મૌ.અબુ તાલિબના લાલ મૌ.અલીની તરબીયતો તાઅલીમની ઝિમ્મેદારી પોતે ઉઠાવી. **લેહાઝા મૌ.અલી, મૌ.અબુ તાલિબ તેમજ રસૂલેખુદાની તમામ ખૂબીઓના ખઝાના-દફીના ભરા ભંડાર થયા.** મૌ.અલી ની રસૂલુલ્લાહ બાવાજી સાથે એ તરહ "**મઇયત**" થઈ ગઈ, સથવારો-પાડોશપણ થઇ ગયું કે જેમ જિસ્મ સાથે નફસ જોડાયેલી હોય છે તેમ મોહંમદ (સ.અ.વ.વ.) સાથે અલી (અ.સ.) નો રિશ્તો થયો.

એક વક્ત જિબ્રઈલ અમીન વહ્યે રબ્બાની લઈને નાઝિલ થયા તો મૌ.અલીએ શયતાનની ખૌફનાક કરાંજવાની ચીખ સાંભલી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અરઝ કરી કે, અય પ્યારા નબી, આ ચીખ શાની હતી ? આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "અય મારા ભાઈ અલી ! એ શયતાનની કરાંજ છે. એ બદબખ્ત ખુદાની ઈબાદતથી નાઉમ્મીદ થઇ ગયો. અય અલી ! તમેં જે સાંભલો છો તે જ હું સાંભલું છું. જે તમેં જુઓ છો તે જ હું જોઉં છું. ફરક બસ એટલો જ છે કે, **તમેં નબી નથી પણ મારા વસી અને વઝીર છો. સબીલુલ બિર્ર છો ચાઅનો ભલાઇના રસ્તા છો.**"

મૌ.અબુ તાલિબ બાતિની મુમિન હતા અને આઅલા દરજાના સાહબ હતા. હર વક્ત બીજાઓને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની દાઅવતને કુબૂલ કરવા તરફ રગબત અપાવતા. એક દિન મક્કામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), મૌ.અલી (અ.સ.) અને માઁ ખદીજતુલ કુબરા સાથે નમાઝ પઢી રહ્યા હોય છે. તે વક્ત મૌ.અબુ તાલિબનો ગુઝર આપના ફરઝંદ જાઅફરૂત્તૈયાર સાથે ત્યાંથી થાય છે. તો મૌ.અબુ તાલિબ જાઅફરને હુકમ કરે છે કે, તમેં મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ની પાઁખ બની જાવ અને તેમના હાથ પર ઈસ્લામ કુબૂલ કરીને નમાઝમાં શરીક થઇ જાવ. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આ સાંભલી બેહદ ખુશ થયા. હમણા તક આપના સાથે ફક્ત અલી હતા, હવે બંને ભાઈઓએ મીલીને જેમ બે બાઝુઓ, બે પાંખો સાથે થાય એમ સાથે થઈને રસૂલુલ્લાહ બાવાજી સાથે જમાઅતની નમાઝ અદા કીધી. ઈસ્લામની આ પહેલી જમાઅતની નમાઝ હતી. જેમાં રસૂલુલ્લાહ પોતાના મુસલ્લા પર આગલ ચઢા અને મૌ.અલી, જાઅફર તેમજ માઁ ખદીજાહ આપને પાછલ ચઢા.

રજબુલ અસબ હમારા વાસ્તે ઈબાદતના દરવાઝા છે, બરકતોના ખઝાના છે, સઆદતોની બહાર છે, બશારતોનો પૈગામ છે, રહેમતની નેહરો છે, તો હમેં આ મુબારક અય્યામમાં નાફેલતના રોઝાની નિય્યત કરીએ, ઈબાદત-રિયાઝત કરવા વાસ્તે પાકો ઈરાદો કરીએ અને હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની નસીહતો પર અમલ દર આમદ થઈને ૩૦ અય્યામના આ નૂરાની ખઝાના માંથી જેટલો ફૈઝ હાસિલ કરવો હોય તેટલો હમેં હમારી ખુશકિસ્મતી સમઝીને મેલવી લઈએ. અલ્લાહતઆલા મુમેનીનને નૈક તૌફીકાતથી બોહરાવર કરે. આમીન... ★

## -::: કુરઆન :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં તમારી આવાઝો ને કુરઆનના પઢવાથી ઝીનત બખ્શો. કુરઆનની તરન્નુમ સાથે કિરાત અલ્લાહને બહુ પસંદ છે. કુરઆનની તાઅલીમ આપનાર શખ્સ ખૈરૂન્નાસ છે, તમામ ઈન્સાનોમાં બેહતર છે અને તે મારી આલ અને એના માનનારા મુમેનીન છે. જો મોઅલ્લિમો ન હોતા તો લોગો ગુમ્રાહ થઈ જાતા. આવો ! કુરઆન પઢીએ. બચ્ચું જે વક્ત "**બિસ્મિલ્લાહ**" પઢે છે તો અલ્લાહ એના માઁ-બાપ અને એના મોઅલ્લિમને જહન્નમથી બરાત અને અઝાબથી અમાન-નામું લખી આપે છે. ★

**જેના હાથ અને ઝબાનથી પોતાનો ભાઈ સલામત રહે તે જ સાચો મુમિન કહેવાય.**

## -::: મૌલાઈ યાઅકૂબ (રિ.અ.) :::-

### ઉર્સ મુબારક : ૧૪ રજબુલ અસબ

મૌ.ભારમલજી અને મૌ.તારમલજી બેવે બિરાદરે બાકમાલ હતા અને જો આપ કોશિશ ન કરતા તો હિન્દુસ્તાનના આ મિસ્લે ગુલ્શન ગુજરાતના ઈલાકામાં, જે અમનો અમાન અને વફાઓ ખુલૂસથી ભરપૂર છે, તેમાં દાઅવતે ફાતેમીયાહની વાડીએ ઈમાન આબાદ ન થાતી, દીને હક્કની ખેતી સરસબ્ઝ અને હરીભરી ન રહેતી. આપ બેવેએ બિલાશક કાયમી ખૈરો **બરકતના બીજ** બોયા જેની **ફસલે નૂરાની** કયામત તક ઉગા કરશે અને તેમાંથી મુમેનીનની જમાઅત ફરોગ અને બેહબૂદી હાસિલ કરશે.

નસલે ઈમાનીને જારી રાખવા વાસ્તે મૌ.ભારમલજી એ આપના ફરઝંદે અરજુમંદ મૌ.યાઅકૂબને તાઅલીમે દીન બખ્શી. આપને મિસિલ ઈલ્મો હિકમતમાં કામિલ બનાવા અને એક મુદ્દત તક પાટણમાં આપ મુકીમ રહ્યા. તે બાદ મૌ.અહમદની ખિદમતમાં ખંભાત તશરીફ લાવા. તે વક્ત દાઅવતે હાદીયાહને કાઈમ કરવામાં આપ મૌલાઈ અહમદના મદદગાર-મોઈન થયા, હર અમરને દિલો જાનથી લઈ ઉઠા, તમામ કરતા આપ મૌલાઈ અહમદના કરીબો કરીન થયા. થોડા જ વક્તમાં મૌ.અહમદ ૧૦મી મોહર્રમુલ હરામે ખંભાતમાં વફાત પાયા, આપનો મઝારે અકદસ ખંભાતમાં નૂરનો મિનાર છે, મુમેનીનની મુરાદોને બર લાવવાનું દારૂલ કરાર છે. મૌ.અહમદના ઈન્તેકાલ બાદ મૌ.અબ્દુલ્લાહ પણ ૧ મોહર્રમુલ હરામે સૂએ ફિરદોસ તશરીફ લઈ ગયા. અલ્લાહતઆલા આ બેવે વલીએ ફાઝિલની કબરો પર રહેમતની બારિશ વરસાવજો, એમના વસીલાથી મુમેનીનને દારૈનની સઆદત અતા કરજો, એમના બતાવેલા રાહે હક્ક પર ચલાવજો. મૌ.અબ્દુલ્લાહએ આપ મૌ.યાઅકૂબને કાઈમ કીધા અને આપ દાઅવતે આલે મોહંમદ (સ.અ.) ના તાજદાર બના, સુલતાન બના. દુન્યવી તખ્તો તાજ, સલ્તનતને મુકીને ઈમાનની દૌલતના હુકમરાન થયા. **હિન્દુસ્તાનના વોલાતે કિરામ (માનવંતા વલીઓ) માં મૌ.યાઅકૂબ પહેલા થયા, સફે અવ્વલમાં મકામ બનાવો, તમામથી સાબિક થયા, પહેલા થયા.** અજબ સાહબે કમાલ હતા. આપે આપના કાકાજીના દીકરા મૌ.ફખરૂદ્દીન બિન તારમલ (રિ.અ.) ને વાગડ ઈલાકાના ગામો તરફ દાઅવતે હાદીયાહને કાઈમ કરવા વાસ્તે મોકલા. ઘણા લોગોએ મૌ.ફખરૂદ્દીન ની દાઅવતનો જવાબ આપો, ઈમાનથી મુશર્રફ થયા. એ જ મુજબ મૌ.નૂરૂદ્દીન (રિ.અ.) દખ્ખન તરફ પધારા. દૌન ગામ અને એના આસપાસના ગામોને ઈસ્લામના નૂરથી મુનવ્વર કીધા.

મૌ.અબ્દુલ્લાહના બાદ મૌ.યાઅકૂબ અને આપના બાદ આપના દિલબંદ મૌ.ઈસ્હાક અને તે બાદ આપના જાઁનશીન મૌ.અલી કાઈમ થયા. આ ત્રણે મવાલીએ તાહેરીનના મઝારે અકદસ પાટણના કબ્રસ્તાનમાં છે. મૌ.યાઅકૂબની કબ્રે મુબારક પર આલીશાન કુબ્બા મુનીરાહ બનેલા છે. બેસહારા વાસ્તે આપનું દર સુકૂનગાહ છે. હર ખાસો આમની ઝબાન પર આપના ફઝાઈલની ઝિકિર છે.

મૌલાના ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના વક્તે મુબારક ૪૭૫ હિ. થી ૮૭૫ હિ. તક જે વક્તમાં મૌ.આદમ બિન સુલૈમાન (રિ.અ.) અને આપના ફરઝંદો થયા યાઅની તકરીબન ૪ સદીની લંબી મુદ્દત તક **પાટણનો ઇલાકો આલે મોહંમદના જવાહિર અને બુસ્તાને અબદીના ફૂલોની મિસિલ ફોઝલા, હોકમા, કોરમા, અબરાર અને મવાલીથી ઝીનતદાર રહેલો છે.** આ તે ઝમાનો છે જેમાં હિન્દુસ્તાનમાં દાઅવતે હાદીયાહની બરકતની બહાર આવી જે વક્ત પાટણ ગુજરાતનું પાયએ તખ્ત હતું. તે વક્તથી આજ તક એ શાનથી હમારા મૌલાઈઓ અને દોઆતોએ આ ચમને ફાતેમીને સાચવું છે કે, આજે પણ એ ચમનના ફૂલોથી ગુજરાતની સરઝમીન મેહકે છે. જેના રૂહાની માલી અને બાગબાન અમારા આકા સૈયદના તૈયેબુલ અસ્ર વ ઝિયાઉલ હીન તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) છે. આપના સાયએ શફકતમાં અલ્લાહતઆલા અમારા આ તૈયેબી બુસ્તાનને હર વક્ત મૌસમે બહારમાં કાઈમ રાખે. આમીન... ★

**કંજૂસાઈ કરતા કયો રોગ ઝિયાદહ સખ્ત હશે ?**

**હાથ ઉપર વાજિબ છે કે જે અમાનત લીધી હોય તે એના હક્કદારને પાછી કરે.**

# -::: ગુસ્સો :::-

ગુસ્સો હકીકતમાં છે શું ? અપને કહીએ છીએ કે, ગુસ્સો આવો. આનો મતલબ એ છે કે, એ અપની પૈદાઈશનો અસલી હિસ્સો નથી. તે પહેલા બહાર હતો, બીજી જગાએ હતો અને હમણાં આવો. કોઈ વરગલાવે, બેહકાવે કે ઉશ્કેરે તો તેનો અસર ગુસ્સો બનીને આવે. આથી સાબિત થયું કે, અલ્લાહતઆલાએ અપના વુજૂદનાં જૌહરમાં અને અસલી બાંધણીમાં ગુસ્સા ઉન્સર (element) રાખો નથી, એને બનાવો યા સમાવો નથી. તેથી ઈન્સાન એને પોતાની તબીઅતથી ઝરૂર ભગાવી શકે છે, તેથી નજાત મેલવી શકે છે.

સાલેહીનનાં કૌલ મૌજૂદ છે કે, ગુસ્સાથી અક્લ પર પરદો પડી જાય છે. અક્લ અલ્લાહતઆલાની પહેલી પૈદાઈશ છે. જેના વાસ્તે હકીકતના લોગો કહે છે કે, કંઈજ નહોતું પણ અક્લ હતી. જો અક્લ જાતી રહે તો બેહતર-બદતર, જાઈઝ-નાજાઈઝનો ખયાલ જાતો રહે અને તેથી ગુસ્સાનો પગપેસારો થાય. ગુસ્સો આવવાથી ઝબાન અક્લને પહેલા ચાલવા લાગે છે. આકિલની ઝબાન અક્લને પાછલ હોય છે અને અહમક-બેવુકૂફની ઝબાન અક્લને આગલ હોય છે. કુરઆને કરીમમાં **"લોગોને મઆફ કરનારાઓ અને ગુસ્સાને પી જાનારાઓની"** તારીફ કરવામાં આવેલી છે.

ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ને નઝદીક એવા લોગોની ઝિક્ર કરવામાં આવી કે, જેઓ નમાઝને મૂકી દેનાર હતા અને જિસ્માની શેહવતોના તાબેદાર હતા. તો આ સાંભલીને આપને જલાલ આવી ગયો અને મજલિસમાં આપે ઝોરદાર નસીહત ફરમાવી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, તાકતવર શખ્સ તે જ છે કે જે પોતાની ઝાતને ગુસ્સો આવવાના વક્ત સંભાલે અને હલીમો કરીમ તે છે કે જે સઝા આપવાની કુદરતને બાવુજૂદ લોગોને મઆફ કરી દે. **ગુસ્સો જહન્નમનો સીલગતો અંગારો છે.**

હઝરત અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ પોતાના ગુલામને વુઝૂ વાસ્તે પાની લાવવા ફરમાવું. ગુલામે પાની લાવવામાં તાખીર કીધી. મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, શું તુને મારા ઈકાબ, બદલાનો ડર નથી. તે વક્ત ગુલામે કહ્યું કે, મૌલા મને આપની મઆફી અને હલીમી પર ભરોસો છે. તે વક્ત આપ ગુસ્સાને પી ગયા. આપ મુસ્કુરાયા અને ગુલામને આઝાદ કરી દીધો.

મૌલાના ઈમામ મોઈઝ (અ.સ.) અસ્હાબ સાથે સૈર કરવા વાસ્તે પધારા. આપને સાથે સૈયદના કાઝી નોઅમાન (આ.કુ.) હતા. તે દૌરાન નમાઝનો વક્ત થયો. આપને હાજત પૈશ આવી. નઝદીકમાં એક હમામખાનું હતું તેમાં ઈંતેઝામ કરવાનો હુકમ ફરમાવો. તે બંધ હતું અને ચાવીઓ ખઝાનેદાર પાસે હતી. સૈયદના કાઝી નોઅમાન (અ.સ.) એ આપની અઝમતની ખાતિર કુરસી મંગાવી અને હમામખાનાની ચાવી આવવાના ઈન્તેઝારમાં બેસા. વક્ત ગુઝરતો ગયો પણ ચાવી આવી નહીં. આખિરકાર નમાઝની અઝાન વક્તે ખઝાનેદાર ચાવી લાવો. તે હૈરાન અને પરૈશાન હતો કે, **ઇમામ આલી મકામ એની ગુસ્તાખીના સબબ એના પર ગુસ્સે થાશે.** પણ આપ (અ.સ.) એ દિલમાં કરારીયત અને તમક્કુન રાખું. એક લફ્ઝ શિકાયતનો કહ્યો નહીં યા ખાદિમને ઝિરકા નહીં. હાજતથી ફારિગ થઈને આપે સુકૂનથી નમાઝ પઢી. તે બાદ આપે અસ્હાબને નસીહત ફરમાવી કે, અલ્લાહતઆલાએ હમારા દરજાતને બલંદ કીધા છે. તેથી તેના શાયાનેશાન હમારા અખ્લાક અને સુલૂક હોય છે. હમારા તાબેદાર ખાદિમો બેદરકારી અને ગુસ્તાખી નહીં કરે તો કોણ કરશે ! તેઓના કુસૂર વાસ્તે તેઓને નસીહત કરીએ છીએ. આ હતી મૌલાના મોઈઝ (અ.સ.) ની હલીમી અને શફકત.

ચોથા ફાતેમી ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ના બૈતુશ્શરફમાં એક વક્ત ખાદિમાહ-લોંડીના હાથમાંથી આપના ફરઝંદ પડી ગયા અને તે જ વક્ત ઝખ્મ લાગવાથી વફાત થયા. કસરે બાકિરીમાં શોર-બકોર બરપા થયો કે, હવે ઈમામ (અ.સ.) ને શું જવાબ આપીશું ? આખિર ઈમામ બાકિર (અ.સ.) ગુઝરી ગયેલા ફરઝંદને નઝદીક હાઝિર થયા. લોંડીને પણ હાઝિર કરવામાં આવી. આપે તમક્કુન અને અલ્લાહ પર તવક્કુલ સાથે ફરમાવું કે, જેની જે ઉમર મુકદર હોય છે તે મુજબ એ ઝિંદા રહે છે. તેમાં ઈન્સાનના હાથમાં કોઈ ચારો

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**શરમનો ઈઝહાર કરવો પણ ઈમાનનો એક હિસ્સો છે.**

## -::: નાફેલતના રોઝા :::-

✤ મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, શહરૂલ્લાહ-રમઝાનુલ મોઅઝઝમના ફરીઝતના રોઝા સિવાય પણ સુન્નત યા નાફેલતના રોઝાની કિસ્મ છે જે શહરૂલ્લાહના રોઝા સિવાય રાખવામાં આવે છે. આ રોઝા ફરીઝતના રોઝા કરતા ડબલ છે જેમ સુન્નતની નમાઝની રકાતો ફરઝની રકાતો કરતા ડબલ હોય છે. તે આ મુજબ કે, હર મહીનાના ત્રણ દિવસ જેમકે મહીનાના હર દસકા માંથી એક દિવસ, તેમાં પહેલી જુમેરાત, આખરી જુમેરાત અને અડધા મહીનાને નઝદીક આવતી બુધ. એટલે ૧૦ મહીનાના ૩૦ દિવસ થયા અને શાઅબાનનો પૂરો મહીનો, એમ બે મહીના થયા જે ફરીઝતના રોઝા કરતા ડબલ થાય છે.

✤ અઈમ્મતે તાહેરીન (અ.સ.) થી રિવાયત છે કે, જે શખ્સ ઉપર બયાન થયા મુજબ હર મહીનામાં ત્રણ દિવસ બિલા કુસૂર રોઝા રાખશે તો બેશક તે પૂરા ઝમાનાના રોઝા કરનારને મુજબ છે. સબબ કે અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"મન જાઆ બિલ હસનતે ફલહૂ અશરો અમ્સાલેહા"** યાઅની જે શખ્સ એક હસનત (ખૈર) લઈને આવે તો એને દસ ઘણો સવાબ મીલે. હવે જે આ મુજબ મહીનાના ત્રણ દિવસ રોઝા રાખે તો એને અલ્લાહ પૂરા મહીનાના રોઝા રાખનારનો સવાબ ઈનાયત કરે છે.

✤ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, શાઅબાનનો મહીનો રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) થી મખ્સૂસ એટલા વાસ્તે છે કે, આપ તે મહીનામાં વધારેમાં વધારે રોઝા રાખતા. બાઝ વકત આપ એ તરીકાથી રોઝા રાખતા કે એક દિનનું રોઝું કરે અને બીજે દિન રોઝું મૂકી દે. આપ ફરમાવતા કે, **આ તરીકાના રોઝા સખ્તમાં સખ્ત છે અને તે દાઊદ નબીના નામથી મશ્હૂર છે.**

✤ આપ (સ.અ.વ.વ.) રજબ મહીનામાં **"અય્યામુલ બીઝ"** ના રોઝા કરતા અને તે છે ૧૩-૧૪-૧૫ રજબ જેમાં ચાંદની રોશની ઊરૂજ પર હોય છે. એમ પણ બનેલું છે કે આપ રજબ, શાઅબાન અને રમઝાન આ ત્રણે મહીનાને મીલાવી ને મુસલસલ રોઝા કરતા.

✤ મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, જે શખ્સ એક સાલ રજબના રોઝા કરે તો એક સાલ તક એનાથી જહન્નમની આગ દૂર થાય. જો બે સાલ તક કરે તો બે સાલ જહન્નમ એનાથી દૂર થાય. આ મુજબ સાત સાલ તક કોઈ રૂકાવટ બગૈર રોઝા કરે તો એનાથી જહન્નમના સાતે દરવાઝા બંધ થઈ જાય. પછી આઠમા સાલમાં પણ રજબના રોઝા કરે તો જન્નતના આઠ દરવાઝા એના વાસ્તે ખુલી જાય. હવે જો દસ સાલ તક એ રજબના રોઝા કરવા પર કાઈમ રહે તો કેહવામાં આવે કે **"ઇસ્તાનફલ અમલ"**, હવે તું નવા અમલ કર યાઅની તારો આગલો હિસાબ સાફ થઈ ગયો. આના કરતા ઝિયાદહ કોઈ રોઝા કરે તો પછી અલ્લાહ પણ એના અમલ મુજબ એને સવાબ બખ્શે.

✤ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સના ઉપર ફરીઝતના રોઝા યાઅની રમઝાનના રોઝા બાકી હોય તો તે શખ્સને તરફથી નાફેલતના રોઝા કુબૂલ કરવામાં નહી આવે જહાઁ તક એ પહેલે ફરીઝતના રોઝાને નહીં વાલે. બૈરો પોતાની તકલીફના સબબ હૈઝના અય્યામમાં રમઝાનના રોઝાને મૂકે છે તો પહેલા જે અય્યામના રોઝા ગયા હોય તે વાલે તે પછી રજબના યા બીજા નાફેલતના રોઝા રાખી શકે છે.

✤ આપ (અ.સ.) ફરમાવે છે કે, એક મરદે આપને નઝદીક શિકાયત કીધી કે, એની બૈરો રોઝા ઘણા કરે છે અને આ સબબથી પોતાને નઝદીક થાવાથી તે મરદને રોકે છે. આપ (અ.સ.) એ ફરમાવું કે, **જહાઁ તક તારી બૈરો તારાથી ઇજાઝત ન લે વહાઁ તક એ રોઝા ન કરી શકે.** મરદની નાખુશી સાથે બૈરોના નાફેલતના રોઝા મકબૂલ નહીં થાય. હાઁ, જો એના ઉપર ફરઝના ગયેલા રોઝા વાલવું બાકી હોય તો એ પોતાની મરઝીથી રોઝાને વાલી શકે છે.

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે વકત તમારો ભાઈ તમારા વાસ્તે જમન બનાવવાનો ઈરાદો કરે અને તે વાસ્તે તમને દાઅવત આપે એ હાલતમાં કે તમેં રોઝદાર હોવ તો કઈ હરજ નથી. તમેં રોઝું છોડી નાખો અને તમારા ભાઈના જમનમાં શરીક થઈ એની ખુશીમાં વધારો કરો. હવે જો તમારા રોઝા ફરીઝતના હોય યા તમેં રોઝાની નઝર માની હોય યા તે દિન ઝવાલનો વકત થઈ ચુકો હોય તો રોઝું છોડી શકાય નહીં. ★

**તમારી તાકતના દિવસો તમારી નૌજવાનીના દિવસો છે. જવાનીની બંદગી બુઝુર્ગીની બંદગી કરતા અફઝલ છે.**

## -::: ફખરી ગુલિસ્તાનના અશ્આરના ફૂલોનો :::-
## " હસીન ગુલદસ્તો "

૪૧ માં સિરાજે મુનીર સૈયેદના ફખરૂદ્દીન જીવાભાઇ બિન સૈ.અમીરૂદ્દીન સાહબ (ક.રૂ.) ના અશ્આરનો મજમૂઓ "દીવાને હસીન" હિદાયતો નસીહતથી પુર આપનું એક શોહરએ આફાક બેનઝીર ઈલ્મી-નઝમી કારનામું છે. આ મજમૂઆમાં આપ મૌલાએ તસનીફ ફરમાવેલી તમામ અબયાત, કસીદાઓ, મદહો સનાના અશ્આર, સલામો તેમજ મરસીયાઓ છે. **આ દીવાન આપ મૌલાની ઇલ્મી કમાલીયત, ફિકરો ઝહાનત, શૌકે શાએરી અને તરીકએ પંદો નસીહતનો ઝિંદા આઇનો છે.** આપે મુખ્તલિફ ઝબાનોમાં જેમકે અરબી, લિસાનુદ્દાઅવત, ઉર્દુ, ફારસીમાં અલગ-અલગ મૌઝૂઆત-ટોપીક્સ પર મુમેનીનની રૂશ્દો હિદાયત વાસ્તે પુરઅસર અશ્આર દરજ ફરમાવેલા છે. જેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હરની મદહ, ઈલ્મ અને આલિમ, દાઈ અને દાઅવત, ઈન્સાનની તખ્લીક, ઈબાદત, દોઆ, કુરઆન, નેઅમત, મોહબ્બત-વલાયતે અહલુલ બૈત (અ.સ.), દાઅવતો જમાઅતની ખિદમત, અક્લ, જદીદ મકાન, શહરૂલ્લાહની આમદ અને વદાઅ, મોહર્રમુલ હરામની આમદ, દોઆતુલ હક્કની સનાના અશ્આર શામિલ છે.

દાઅવતે હાદીયાહની નહેજ અને રસમ મુજબ હર મેહફિલો મજલિસમાં ખુશી-ગમીના મૌકાઓ પર આપ મૌલાની તસ્નીફશુદા બૈતો ખાસ તૌર પર પઢવામાં આવે છે. મુમેનીન પણ પોતાના ઘરોમાં અમારા મુકદ્દસ મૌલાના આ મુબારક કલામથી રૂહાની ફાયદો હાસિલ કરે તે વાસ્તે હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) નો ઈરશાદે ખાસ થયો કે, **"આ અબયાતની ખુશ ઇલ્હાન અને જદીદ તરઝ-તરન્નુમ સાથે તરતીબ આપવામાં છે."** આ ફરમાનને સરે તસ્લીમ કરી ખુશ ઈકબાલી સમઝી અમે દાઅવતના હકીર નાચીઝ રઝાકારો **"અઝહારે દીવાને હસીન"** નો આ ફખરયાબ ગુલ્દસ્તો "અલ-હાદી" અખ્બારના માતહત પૈશ કરીએ છીએ.

આ મુજમૂઓ CD (MP3) અને Cassette (૨ પીસ) ના તૌર પર બનાવવામાં આવો છે જેની તફસીલ નીચે આપેલી છે. આ બૈતોના મુખ્તસર કલામ અપની વેબસાઈટ પર મુકવામાં આવા છે જેના સબબ હર કોઈ મુમિન કોઈ પણ જગા પર તેનાથી માહિતગાર અને ખબરદાર થઈ શકે છે.

(૧) સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની મુખ્તસર તારીખ
(૨) માઅશરલ મુમેનીન, દાઈ ઈમામે ઝમાનેના
(૩) ખિદમત હો અતા મુઝકો તેરી દીન કે સરવર, અય આલે પયમ્બર
(૪) ખઝાનો ઈલ્મનો મુશ્કિલકુશાની ઈતરત છે.
(૫) દિલા તુઝકો ખૌફે ખુદા ચાહીએ.
(૬) ઈબાદત સે ઈન્સાઁ ને પાયા કમાલ.
(૭) સદકે તેરે કદમો પે મેરી જાન હો હર દમ, અય કિબ્લએ આલમ.
(૮) ખુદાને કહા જિનકો હર દમ સલામ.
(૯) કૌનૈનમેં કાઈમ રખે અલ્લાહ યે દાઅવત, અય નૂરે ઈલાહી.
(૧૦) ઝિયાઉદ્દીનની દાઅવતના નૂરને હર દમ.
(૧૧) પૈદા કિયા અલ્લાહને જબ હઝરતે આદમ, અય નાઈબે હયદર.
(૧૨) નસીહત હૈ યે અહલે ઈમાન કો.
(૧૩) આવું છે કિતાબો માં નબી કેહતા થા હર બાર, અય હયદરે કર્રાર.
(૧૪) ઈલાહી હૈ દોઆ હર દમ, સલામો અલયકા.
(૧૫) અય મુમિનોં સોચો ઝરા, દુનિયા હૈ યે દારે ફના.
(૧૬) આયત જે છે કુરઆનમાં, આમીન રબ્બુલ આલમીન.
(૧૭) મોહિબ્બો ઈબાદત કરો સુબ્હો શામ.

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**બલા આવવી તમારી ઝબાન સાથે જોડાયેલી છે.**

## -::: મૌલા અલી (અ.સ.) - ઈન્સાફના સરતાજ :::-

અઈમ્મતે એઝામ સલવાતુલ્લાહે અલયહિમ અને દોઆતે કેરામ આઅલલ્લાહો કુદસહુમ, મૌલાના અલી (અ.સ.) ની શાનાતના મઝહર અને ફઝાઈલે કુદસાનીયાહની ઝિક્ર ફરમાવતા પહેલા આપ પર અલ્ફાઝે ફાખેરાથી નવાઝિશ કરે છે કે, "સલવાત પઢજો અલ્લાહતઆલા અલીયુલ મુરતઝા અને વસીયુલ મુસ્તફા ઉપર અને મોહંમદના ઈલ્મના દરિયાના મોતી અને ઈન્સાફની તલવારના જૌહર **વલી ઇબ્ને વલી મૌલાના અલી (અ.સ.) ઉપર જે અસદુલ્લાહિલ ગાલિબ છે અને હર તાલિબના હાજિતરવાઇના મતલૂબ છે.** અય મુમેનીન, અલીયે આઅલાના મોઅજિઝાઓ અને આદિલાના ફૈસલાઓ અજીબો ગરીબ છે જેથી આકિલોની અક્લ હેરાન છે."

### ઈન્સાફ - ૧

એક મૌકા પર મુશ્કિલકુશા (અ.સ.) ને નઝદીક એક બૈરો અને એક જ શિક્લના બે મરદો ઝઘડો કરતા કરતા આવા અને તે બેવે માંથી એક મરદે કહ્યું કે, આ તો મારી બૈરો છે અને બીજાએ પણ એ જ મુજબ કહ્યું કે, આ મારા બૈરો છે. પછી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ એક લોટો મંગાવો અને ફરમાવું કે, જે શખ્સ આ લોટામાં જાય અને તેના નાલકામાંથી નીકલે તેની આ બૈરો છે. આ હુક્મ સાંભલીને તે બે મરદો માંથી એક શખ્સ તૈયાર થયો કે, "હાઁ, અય મૌલા, મેં નાલકા માંથી નીકલું છું." પછી તે મરદ લોટામાં ગયો કે, અલીયુલ મુરતઝા (અ.સ.) એ તે લોટાનું મોં અને નાલકું બંધ કરીને જંગલમાં એક ઊંડો ખાડો ખોદાવીને લોટાને દફન કરી દીધો અને ફરમાવું કે, **આ જિન્ન હતો, ઇન્સાન ન હતો.** એ બૈરો ઉપર આશિક હતો તેથી એના મરદની શિકલ લઈને એનાથી ઝિના કરવા આવો હતો. તે બાદ આપે બીજા શખ્સને ફરમાવું કે, આ તારા જ બૈરો છે, તું એને લઈ જા.

### ઈન્સાફ - ૨

આ જ મુજબ આપના નઝદીક બે બૈરો, એક નાના દૂધ પીતા છોકરાને ખેંચતી-ખેંચતી આવી અને કહેવા લાગી કે, મૌલા, આ મારો છોકરો છે અને બીજી કહેવા લાગી કે, અય આકા, આ મારો છોકરો છે. આ ઝઘડો સાંભલી આપે કમ્બર ગુલામને ફરમાવું કે, **એક છુરો અને પાટલો લાવો અને આ છોકરાના બે ટુકડા કરીને બેવે બૈરોને એક-એક ટુકડો આપો જેથી ઝઘડો ખતમ થઇ જાય.**

કમ્બરે પોતાના માલિકના હુકમ મુજબ એક પાટલા પર એ છોકરાને સુવાડો અને હાથમાં છુરો લઈને બે ટુકડા કરે તે પહેલા તે બંનેમાંથી એક બૈરો રોવા લાગી અને અરઝ કીધી કે, ખૈર ! અમીરૂલ મુમેનીન (અ.સ.) હું રાઝી છું કે, આ છોકરાને આ જ બૈરોને આપી દો કે એ છોકરાને પાલીને મોટો કરશે. ખુદાતઆલા વાસ્તે એના બે ટુકડા ન કરો. એ જીવતો હશે તો કોઇ વક્ત પણ હું એને જાઇને ખુશ થઈશ. બીજી બૈરો કહેવા લાગી કે, ના મૌલા ! આ છોકરાના બે ટુકડા કરો અને હમારે બે ને દરમિયાન તકસીમ કરી દો. આ સાંભલીને મૌલાના અલી (અ.સ.) એ તે રેહમત કરનારી અને પોતાના છોકરાને કતલથી બચાવીને બીજા બૈરોને સોંપનારી બૈરોને ફરમાવું કે, **તું જ આ છોકરાની હકીકી માઁ છે, તું આને લઇ જા અને એની પરવરિશ કર.** બીજી ઝાલિમ બૈરોને આપ પહેચાની ગયા અને જૂઠ બોલવાની સઝા આપી.

### ઈન્સાફ - ૩

અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ના નઝદીક બે શખ્સો ઝઘડો કરતા-કરતા આવા. આ માંથી એક કહે કે, અય મૌલા ! આ મારો ગુલામ છે અને મારી ખિદમત નથી કરતો. બીજાએ પણ આ જ મિસ્લ શિકાયત કીધી કે, ના મૌલા ! પણ એ ખુદ મારો ગુલામ છે અને એ મારી ખિદમત નથી કરતો. તો આપે બેસાખ્તા કમ્બરને ફરમાવું કે, અય કમ્બર, તમેં એક દીવારમાં બે પહોલા બખોલા કરો કે જેમાં આ બેવેના માથાઓ ખોલાસાથી અંદર જાય અને પાછા નીકલી જાય.

કમ્બરે આપના ફરમાન મુજબ બે બખોલા કીધા. આપે (અ.સ.) તે બેવે શખ્સને ફરમાવું કે, તમેં બેવે આ બે બખોલામાં માથા નાંખો. બેવે એ તે મુજબ કીધું. તે બાદ આપે કમ્બરને ફરમાવું કે, **આ તલવાર લઈને આ બેવેમાં જે ગુલામ છે તેનું માથું કાપી નાંખો.** કમ્બરે આબદાર તૈઝ તલવાર લીધી કે જે ગુલામ હતો તેએ પોતાનું માથું બખોલા માંથી બાહર કાઢી લીધું. આપે તેને પકડીને બીજા શખ્સને હવાલે કીધો. લે આ તારો ગુલામ છે જેનો તું માલિક છે, એને લઈ જા. ★

**હદીયો આપવો દિલોમાં મોહબ્બત પૈદા કરે છે.**

## હિકમતના લોગો વાસ્તે –::: " હકીમસાબ " ના નુસ્ખા :::–

### Teething Problems (બચ્ચાને દાંત નીકલતી વક્ત થતી તકલીફો)

* દાંત નીકલવાના દૌરાન બચ્ચાં ને નાની-મોટી તકલીફ થતી હોય છે જેથી તેના વાલેદૈનને ઘણી પરેશાની ઉઠાવવી પડે છે.
* આમ તૌર પર બચ્ચાને દાંત નીકલવાની શરૂઆત પાંચ થી આઠ મહીના ની ઉંમરથી થતી હોય છે. જે વક્ત બચ્ચું ૧ વરસની ઉંમર પર પહોંચે છે તો તેને ૬-૧૦ દાંત નીકલી ચુકા હોય છે, ૧૮ મહીનાની ઉંમરે ૧૨ દાંત, બે વરસ ની ઉંમરે ૧૬-૨૦ દાંત અને અઢી વરસ ની ઉંમરે મોટા ભાગના બચ્ચાઓમાં ૨૦ દાંત નીકલી ગયા હોય છે. આ દાંતને દૂધના દાંત યા Milk Teeth યા Deciduous teeth પણ કહે છે અને આ દાંત નીકલવાના Process ને Primary Dentition કહે છે.
* Secondary Dentition યા Permanent Teeth (મોટપણ યા બુલૂગીયત ના દાંત) નીકલવાનો process તકરીબન ૫-૭ વરસે શુરૂ થાય છે અને ૨૧ વરસે મુકમ્મલ થાય છે.
* દૂધના દાંત નીકલવાના વક્તે દાંતની જગા પર બચ્ચાને irritation યા અણગમો મેહસૂસ થાય છે જેના સબબ બચ્ચું આસપાસ ની કોઈ પણ ચીઝ ઉંચકીને મોં માં લે છે અને તેના gums (રેખ) થી દબાવે છે, જેથી તેને અણગમામાં રાહત મીલે. મગર આ ચીઝ કરવાથી બચ્ચાને પેટમાં infection થાવાના chances વધી જાય છે. જેના સબબ અકસર કરીને વાલેદૈન આ period દૌરાન બચ્ચાને diarrhoea (સંડાસ) થવાની શિકાયત કરતા હોય છે.
* ગંદી યા નીચે પડેલી કોઈ પણ ચીઝ મોં માં લેવાથી ગલાનું infection પણ થઈ શકે છે. આ period દૌરાન બચ્ચું ચીઢીયલ (irritable) થઈ જાય છે અને ખોરાક લેવામાં પણ અસર પડે છે, અને ઓછો ખોરાક લેવાના સબબ બચ્ચામાં કમઝોરી અને weakness આવી જાય છે. gums (રેખ) પર irritation થાવાના સબબ વધારે quantity માં થૂંક યા રાલ બનવી common છે.
* ટાઈમ પર દાંત ન આવવા એ એક normal ચીઝ છે. ઘણા બચ્ચાઓમાં એક વરસની ઉંમર તક યા ઔર ઝિયાદહ મુદ્દત તક દાંત નીકલવાની કોઈ નિશાની દેખાતી નથી, જેને delayed dentition કહે છે. આવા cases માં કોઈ દવા કે Treatment લેવાની ઝરૂરત નથી અને કુદરતી તૌર પર જ દાંત નીકલવાના શુરૂ થઈ જાય છે. અગર delayed dentition ની સાથે બીજી ચીઝો ના development યા growth માં એ જ મુજબની વાર લાગતી હોય તો તેને delayed milestones કહે છે, જેમાં બચ્ચું બેસતા, ચાલતા, રીખતા, બોલતા મોડું શીખે છે.
* દાંત નીકલવાના period દૌરાન અગર દાંત માં કોઈ તકલીફ યા નુક્સ જોવા મીલે તો તેની દવા કરવી ઝરૂરી છે જેમ કે દાંતોમાં સડન થવી, gums માં infection થવું વગૈરા.
* દાંત ના દેખાવ અને એના Normal development માં ઘણી Hereditary factors (વારસાગત પરીબલો) પણ કામ કરે છે.
* દાંત નીકલવાના period દૌરાન અગર diarrhoea ની તકલીફ ઝિયાદહ થઈ જાય યા વધી જાય અને એને સાથે બચ્ચાનું ચીઢીયલપનું પણ જોવા મીલે તો તેને chamomilla 30, 3 ગોલી વાટીને (પીસીને) દીવસમાં ત્રણ વક્ત આપવી.
* દાંત નીકલવાની શરૂઆત થાય તે વક્તથી જ અંદાઝન ૩-૪ મહીના ને વસ્તે બચ્ચાને calcarea phos 12v ની ૨ ગોલી પીસીને દીવસમાં બે વક્ત આપવી. આ medicine બચ્ચાને calcium પૂરૂ પાડે છે.
* દાંત નીકલવાના period દૌરાન gums (રેખ) પર થતા irritation ને કમ કરવાને વાસ્તે બચ્ચાને smooth (લીસુ અને નોંક બગૈરનું) રમકડું સાફ કરીને આપવું કે જે મોં માં લેવાથી કોઈ નુકશાન ન થાય યા diarrhoea ન થાય.
* Irritation કમ કરવાને વાસ્તે એક સાફ કપડાંમાં બરફ મુકીને તેના gums પર લગાવવાથી પણ બચ્ચાને ઘણી રાહત થાય છે.
* દાંત ને મોતઅલ્લિક બીજી તકલીફો વાસ્તે નઝદીક ના હોમીયોપેથિક ડૉક્ટર નો consult કરીને constitutional દવા આપવી ઝિયાદહ બેહતર અને ફાયદામંદ છે.

આ તકલીફના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા બચ્ચાને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

**હરએક આઁખ ઝિના કરનાર છે.**

## -::: સુવાવડની તકલીફ :::-

અલ્લાહતઆલાએ મુમેનાત બૈરોને સુવાવડની તકલીફના સબબ અઝીમ સવાબ ઈનાયત કીધેલો છે. ઘણી વક્ત બૈરોને ડીલીવરીની તારીખને નઝદીક Complication ઊભા થાય છે, બચ્ચાની વિલાદત વાસ્તે તકલીફનો સામનો કરવો પડે છે, તબીઅત પર બેહદ બોઝ પડે છે. તે વક્ત આ દોઆ પઢે યા બૈરોની જમની જાંઘ પર આ દોઆની તાવીઝ કરીને માંદલયું બનાવીને બાંધે. જે વક્ત બચ્ચાની વિલાદત થઈ જાય તો ફૌરન તે તાવીઝ નીકાલી નાંખે. પોતે આ અમલ ન કરી શકતા હોય તો સાહબે દાઅવતને તે વાસ્તે અરઝ કરવામાં આવે.

દોઆ : **યા ખાલેકન્નફસે મિનન નફસે વ યા મુખ્રેજન્નફસે મિનન નફસે વ યા મુખલ્લેસન નફસે મિનન નફસે ખલ્લિસહા.**

માઅના : અય નફસને નફસ માંથી પૈદા કરનાર, અય નફસને નફસ માંથી નીકાલનાર, અય નફસને નફસ માંથી ખુલાસો આપનાર, તે નફસને જલ્દી ખુલાસો આપ.

એક ખજુરના ટુકડા પર આ દોઆ પઢી તેનો દમ મારે અને હામેલા બૈરોને તે જમાડી દે. અલ્લાહતઆલાની મરઝી હશે તો ઝરૂર તે બચ્ચાની બાસેહત ખુલાસી થાશે. ★

---

*(પેજ નં. ૪ નું બાકી)* ***ગુસ્સો...***

નથી. ઝિંદગી અને મૌતનો માલિક આખિર તો અલ્લાહતઆલા જ છે. આપે લોંડી તરફ નિગાહ કરી અને કંઈ કહેવા જાય તે પહેલા લોંડી બોલી ઉઠી, **"અલ કાઝેમીનલ ગૈઝ વલ આફીના અનિન નાસ."** ગુસ્સો પી જાનાર અને લોગોને મઆફી આપનાર. આ સાંભલી ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) એ તે લોંડીને આઝાદ કરી દીધા. તમામ હાઝેરીન આપની આ હુસ્ને સીરત અને અખ્લાકે હમીદાહથી હૈરાનો મોતઅજ્જિબ રહી ગયા. આ છે, હક્કનાં વલીઓની આદતે જમીલાહ.

ગુસ્સો પી જાવું આસાન નથી, મગર સાલેહીન અને ઔલિયાઉલ્લાહની સીરતનો આ અહમ હિસ્સો છે. નરમી અને કરીમીથી અદના તેમજ આઅલા સાથીદારોના દિલ જીતાય છે. અઝમત અને ઈઝઝત કાઈમ થાય છે. ખિદમતગુઝારો ઝિયાદહ શૌક તેમજ વલવલાથી ખિદમતને અંજામ આપે છે. ઝબાન પર કાબૂ રાખવો અને ગુસ્સો કરવાથી પરહેઝ કરવો, એ ઈમાનની શરતો માંથી છે. મુમિન ઉપર લાઝિમ છે કે, પોતાની ઝબાન પર હર હાલમાં કંટ્રોલ રાખે. કેમકે જેમ ઊધઈ લાકડાને અંદરથી ખાઈ જાય છે, તેને ખોખલું કરી દે છે તેમ ગુસ્સાનો કિસ્સો છે. ગુસ્સો ઈન્સાનની અકલ અને સોચવાની તાકતને મંદ કરી નાંખે છે. ગુસ્સામાં કીધેલું હર કામ કાચું હશે, તેમાં હોશ અને ઈરાદાની મઝબૂતી નહીં હોય. ★

---

*(પેજ નં. ૬ નું બાકી)* ***ફખરી ગુલિસ્તાનના...***

અમારા એડ્રેસ પરથી મુમેનીન CD તેમજ Cassette હાસિલ કરી શકશે.

હદીયો : CD : ૩૦/- Cassette : ૭૫/-

મોબાઈલ : ૯૯૦૪૨૨૧૦૯૦ (મુલ્લાં ઈબ્રાહીમભાઈ)
૯૭૨૪૪૩૪૪૮૭ (ખાદિમ અલીભાઈ)

✼ ગયા સાલના આ જ મહીનામાં "અલ-હાદી" ના માતહત **મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની મનકબતો અને કસીદાઓની** સીડી અને કેસેટ શાયેઅ કરવામાં આવી હતી. જે કારેઈનને આ અલવી કલેમાતની બરકત હાસિલ કરવી હોય તેઓ **"અઝહારે દીવાને હસીન"** સાથે હમારા રઝાકારો પાસેથી તે તલબ કરી શકે છે.

✼ ઈન્શાઅલ્લાહો તઆલા આ જ મુજબ હમેં આવતા અય્યામમાં અહલુલ બૈત (અ.સ.) ના નૌહા-સલામ-મરસીયાનો મજમૂઓ અને સૈયેદના અલી (ક.રૂ.) ના કસીદઓનો મજમૂઓ શાયેઅ કરવાનો ઈરાદો રાખીએ છીએ. હમારા આ ઈરાદાને અલ્લાહતઆલા બર લાવે એવી તમામ કારેઈન દોઆએ ખૈર કરે. ★

**હર એક શખ્સ પોત-પોતાના જાનનો હિસાબ રાખનાર છે.**

## -::: તસ્હીલુન નિસ્બત :::-

## નિસ્બતને સહેલ કરવાની તદબીર

**દિકરાઓ :**

(૧) નામ : અનીસ દિલાવરહુસૈન સોરંગવાલા
ઉંમર : ૨૭ વરસ
ભણતર : SSC
સરનામું : બરાનપુરા, વડોદરા.
કામકાજ : ફેબ્રીકેશનનું કારખાનું
માસિક આવક : રૂા. ૫૦૦૦/- થી ૧૦૦૦૦/-
તજવીઝ : ઘરેલું પરહેઝગાર દિકરી.
ફોન : ૯૮૨૪૬૭૧૪૫૬.

(૨) નામ : ઝૈનુદ્દીન દિલાવરહુસૈન સોરંગવાલા
ઉંમર : ૩૦ વરસ
ભણતર : HSC, ITI (Computer)
સરનામું : બરાનપુરા, વડોદરા.
કામકાજ : ફેબ્રીકેશનનું કારખાનું
માસિક આવક : રૂા. ૫૦૦૦/- થી ૧૦૦૦૦/-
તજવીઝ : ઘરેલું પરહેઝગાર દિકરી.
ફોન : ૯૮૨૪૬૭૧૪૫૬.

ઉપર આપવામાં આવેલી વિગતો હમને અરઝદારે આપેલી છે. મુમેનીન કોઇ પણ અરઝદારને સાથે વાત કરતા પહેલા જો એની પહેચાન જાણવા માંગતા હોય તો હમારા ફોન નં.:૦૨૬૫-૨૫૮૦૨૭૭ (ભાઇસાહેબ કમ્બરઅલી) પર બપોરે ૩:૩૦ થી ૪:૩૦ તક જાણી શકશે. મુમેનીન અરઝદારને એના આપેલા ફોન પર ઝાતી કોન્ટેક્ટ પણ કરી શકે છે. રિશ્તો કરવા વાસ્તે કોઇ પણ નતીજા પર આવતા પહેલા મુમેનીનને અરઝદારની વિગતની તેહકીકાત ઝાતી તૌર પર કરવાની રહેશે.

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઇસાહેબ કમ્બરઅલી ભાઇ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: અઝીઝો દવા છે જિહાલતની ઈલ્મ, હુસ્નુસ સવાલ નિસ્ફુલ ઈલ્મ :::-

## આકેલાના સવાલ અડધું ઈલ્મ છે.

"અલ-હાદી" ના ગયા મહીનાના શુમારામાં જે મઝામીન (લેખો) આપવામાં આવા હતા તેમાંથી ૫ સવાલાત નીચે આપેલા છે. કારેઇનથી ઇરશાદ છે કે, આ સવાલોના જવાબો પોસ્ટ કાર્ડ પર લખી યા e-mail કરી યા રૂબરૂ આવી નીચે આપેલા હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ મી તારીખ પહેલા મોકલી આપે. જવાબો સાથે પોતાનું નામ, સરનામું અને ફોન (હોય તો) સાફ સુથરા હુરૂફમાં લખે. ૨૦ મી તારીખે હમેં તમામ જવાબ આપનારમાંથી તેનો જ ઇન્તેખાબ કરીશું જેના **કમમાં કમ ૪ જવાબો** સાચા હશે. તે બાદ ડ્રો થાશે અને જે ખુશકિસ્મત નું નામ તેમાં નીકલશે તેનું નામ હમેં ઇન્શાઅલ્લાહ "અલ-હાદી" ના આવતા મહીનાના શુમારામાં સહીહ જવાબો સાથે ઝાહિર કરીશું. તો બિસ્મિલ્લાહ બોલો, કલમ ઉઠાવો, યકીન સાથે જલ્દીથી જવાબો લખી મોકલી આપો :

(૧) અલ્લાહતઆલાએ જમવા વાસ્તે કઇ ત્રણ ચીઝ હરામ કીધેલી છે ?

(૨) શુક્ર કરીને જમનારને શું હાસિલ થાય છે ?

(૩) "અદ્દાઇ યનઝોરો બેનૂરિલ્લાહ", નો શું મતલબ થાય છે ?

(૪) ઈમાનનું માથું શું છે ? અલ્લાહ કોના સાથે છે ?

(૫) કચરાની ગંદકી (અહલુલ બૈત (અ.સ.) ના મુખાલિફો) માં કઇ ચીઝ ન મીલાવાય ?

**ગયા શુમારાના જવાબો :**

(૧) મૌ.ફાતેમા બિન્તે અસદ (રિ.અ.). (૨) ૪૦ દિન. (૩) મૌ.ફાતેમતુઝઝહરા (અ.સ.). (૪) ખામોશ રહો. (૫) ૧૦૦ હજ્જનો સવાબ.

સહી જવાબો આપનાર : **મરીયમ એમ. કૉંચવાલા.** ★

**મુમિન એના સદકાના સાયામાં છે.**

**તમારો અમલ, તમારી સોચનો આઈનો છે.**

**દિકરીઓની જલ્દીથી શાદી કરવી બેહતરીન અમલમાંથી છે.**

## -::: ઝાહેર ખબર :::-

**ન્યુ સૌંદર્ય જ્વેલર્સ (રિયાઝભાઈ)**

જુના સોના-ચાંદી, નંગ, મોતીના દાગીના,
તેમજ જુની ઝરી-તાર કસબની સાડીઓ લેનાર,
વેચનાર, બનાવનાર.
માંડવી સર્કલ પાસે, ગેંડીગેટ રોડ, વડોદરા - ૧૭.
મો.: ૯૮૨૪૯૪૮૭૪૬. ★

*************************

**Badruddin Sir's**

**BRIGHT BRAINS TUTORIALS**

Batches for Std. X (Eng.) Started from
18th April 2008.
For Instant Enrollment Contact :
**9898343324**
C/o. Vohra Classes, Opp. Ali Chambers II,
Sardar School Lane, Ajwa Road, Vadodara. ★

*************************

## -::: મુબારકબાદ :::-



**બહેન સૂરતી કુલસૂમ અકબરઅલી,** સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કૂલ બોરીવલી, મુંબઈમાં Std.2 માં ઝેરે તાઅલીમ છે અને આ સાલ Annual Examination માં 93% થી કામિયાબ થયા છે. અલ્લાહતઆલા હમારા તાલિબે ઈલ્મોને તાઅલીમો તરબીયતમાં ઔર તરક્કી અતા કરે. ★

**મુમિનની નિય્યત એના અમલ કરતા ઝિયાદહ અફઝલ છે.**

## -::: ઝાહેર ખબર :::-

અમારે ત્યાં ખાટો-મીઠો, જીરાનો, લીંબુનો તથા લસણનો અચાર તૈયાર મીલશે. આ સિવાય બુંદીના લાડવા, બેસનના પાન, ગુંદરપાક, કોપરાપાક મીલશે તથા મલીદા-મીઠાઈનો ઓર્ડર લેવામાં આવશે.

**મીયાસાહેબ ફખરૂદ્દીન રંગવાલા**
દેવડી મુબારક સામે, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૧૭.   ફોન (ઘર) : ૩૨૫૨૪૮૪
મો.: ૯૮૯૮૦૫૦૨૪૮ ★

*************************

Ismat Madam's

**Genius Personal Tuition Class**

Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

*************************

Since 1994

**Vali Sir's    Nazneen Madam's**

**LOKHANDWALA PERSONAL TUITION CLASS**

Personal Tuition for
K.G. to Std. 7 (Eng. & Guj. Med.) (All Subjects)
Std. 8 to 10 (Eng. & Guj. Med.) (All Subjects)
Std. 11 & 12 Commerce (Eng. & Guj. Med.) (All Subjects)

- **1/259, Gopal Colony, Rampark, Ajwa Road, Vadodara.**
- **Wadi, Badri Mohalla, Opp. Delawala House, Vadodara.**

Ph.: (R) 0265-2565715 (M) 992 4828 433.

*************************

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
ખિદમતગુઝાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૮૨૦૮૩૮૮૨૪. ★